ફાંદ : એક અવિચળ અસ્તિત્વ!

વૉકિંગ શૂઝથી લઈને ટ્રેડમિલ, સ્લિમ-બેલ્ટથી લઈને કસરતનાં સાધનો અને પ્રાણાયામથી લઈને જિમ સુધીનું બધું જ એના અસ્તિત્વને પડકારી રહ્યું છે. છતાં એનો આત્મવિશ્વાસ તો જુઓ! કોઈ ગમે તેટલું ઢાંકવા પ્રયત્ન કરે, ફાંદ બટન તોડીને પણ પોતાની હાજરી જણાવી જ દે છે. પછી કોઈ એને નજરઅંદાજ કેવી રીતે કરી શકે?



ફાંદ. આ શબ્દ વાંચતાં તમને ગમાની કે અણગમાની લાગણી થાય એ પહેલાં કહી દઉં કે તમે ફાંદને ગમાડો કે ન ગમાડો, એ ધ્રુવતારા જેવી અવિચળ અને સનાતન છે. તમારા ગમા-અણગમા સાથે એને કંઈ લેવાદેવા નથી. શરીરનાં બીજાં અંગો, હાથ, પગ કે થાપાની ચરબીની જેમ એ માત્ર ચરબી તરીકે નથી ઓળખાતી, પણ પોતાનું આગવું નામ ધરાવે છે - ફાંદ. છે ને એનો રૂઆબ!

ફાંદનું ફક્ત નામ જ અલગ છે એવું નથી, એનું સ્થાન પણ આપણી સંસ્કૃતિમાં ઘણું ઊંચું છે. જેમની પૂજા પછી જ કોઈ પણ શુભ કાર્યની શરૂઆત થાય છે, એ દુંદાળા ગણેશજીને ફાંદ વગર કલ્પી શકાય ખરા? ફાંદ એમનાથી શોભે છે કે એ ફાંદ થકી, એ કહેવું પણ મુશ્કેલ! ફાંદની શક્તિનો પરચો જોવો હોય તો વિશ્વમાં વધતું જતું મેદસ્વિતાનું પ્રમાણ જ જોઈ લો! અને વળી, ગુજરાતી હોવાના નાતે કોઈના શરીરના ઘેરાવાનો સુસંસ્કૃત રીતે ઉલ્લેખ કરવો હોય તો તરત કહેવાય, 'ખાતાં-પીતાં સુખી ઘરનાં માણસો માટે ફાંદ તો ઘરેણું છે.' જો કે આ ઘરેણાં પર કોઈ લોન મળતી નથી અને વળી આ ઘરેણું ક્યારે ઊતરે એની પણ સૌને ખૂબ ફિકર હોય છે. એટલે ટૂંકમાં, માનવસ્વભાવ મુજબ જે છે એની કદર નથી હોતી.

કદર હોય કે ન હોય, ફાંદને પ્રિય કહેનારો પણ એક વર્ગ છે. એ વર્ગનાં લોકોની રોજીરોટી ફાંદને કારણે ચાલે છે. ફાંદને નાથવાના પ્રયત્નો કરતાં લોકો માટે એક આખી ઈન્ડસ્ટ્રી વિકસી રહી છે અને એ ઈન્ડસ્ટ્રીનો વિકાસ પણ વાર્તામાંની રાજકુમારીની જેમ 'રાતે ન વધે એટલી દિવસે અને દિવસે ન વધે એટલી રાત્રે' એ રીતે થઈ રહ્યો છે. વૉકિંગ શૂઝથી લઈને ટ્રેડમિલ, સ્લિમ-બેલ્ટથી લઈને કસરતનાં સાધનો અને પ્રાણાયામથી લઈને જિમ સુધીનું બધું જ એના અસ્તિત્વને પડકારી રહ્યું છે. છતાં એનો આત્મવિશ્વાસ તો જુઓ! કોઈ ગમે તેટલું ઢાંકવા પ્રયત્ન કરે, ફાંદ બટન તોડીને પણ પોતાની હાજરી જણાવી જ દે છે. પછી કોઈ એને નજરઅંદાજ કેવી રીતે કરી શકે? કોઈ પણ દેશના જીડીપી કરતાં વધુ વિકાસદર ધરાવતી ફાંદ આજ સુધી પોતાના અસ્તિત્વ માટે આ બધાની સામે ઝઝૂમી રહી છે એટલું જ નહીં, ટકી પણ રહી છે અને વિકસી પણ રહી છે.

ફાંદના કેટલાક ફાયદા પણ છે. એનો ઉપયોગ ચાનો કપ મૂકવા માટે સદાસર્વદા હાજર ટેબલ તરીકે કરી શકાય! બીજો ફાયદો એ કે ફાંદના માલિકોએ પોતાનો સ્વભાવ બને ત્યાં સુધી હસમુખો જ રાખવો પડે. કોઈની વાતનું ખોટું લગાડવું પોસાય નહીં. લાગે તો પણ એની પાછળ દોડીને મારવા જવાતું નથી. ફરજિયાત કે મરજિયાત, પણ 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'નું સૂત્ર અપનાવવું જ પડે છે! એ સિવાય, જે ઘરમાં ભાંખોડિયાં ભરતું બાળક હોય એ ઘરના વડીલ જો ફાંદધારક હોય તો બાળકને નાનપણથી જ પર્વતારોહણની તાલીમ મળવાની શરૂ થઈ જાય છે. સૂતેલા વડીલ સાથે બાળક ફાંદના કારણે જ તો 'પર્વત-પર્વત' રમી શકે ને! એટલે તો પર્વતારોહકોની સંખ્યા હિમાલયનાં ગ્લેશિયરો પીગળે એટલી વધી ગઈ છે, છતાં છે કોઈને ફાંદની વેલ્યુ?

'એક લ્યો તો બીજું મફત'ની ઑફરની જેમ ફાંદને કારણે આ બધા ફાયદા સાથે થોડી તકલીફો પણ મળતી હોય છે. બે ફાંદુડી વ્યક્તિઓ ભેટે એ પહેલાં એમની ફાંદ ભેટી લેતી હોય છે. બિચારાઓ 'ગળે મળવું' શબ્દના અર્થને સાક્ષાત્ પામી પણ નથી શકતા! બીજી સમસ્યા છે નાડાંવાળાં કપડાંનું નાડું ક્યાં બાંધવું? મોટી ફાંદ ધરાવનાર માટે આ યક્ષપ્રશ્ન હોય છે. ફાંદની મધ્યમાં બાંધે તો ટકે નહીં અને સરકી જાય. ઉપરની ગોળાઈએ બાંધે તો ચણિયો કે પાયજામો નીચેથી ટૂંકો પડવાની શક્યતા અને નીચેથી બાંધે તો વળી લાંબો પડે! આ સમસ્યાના સમાધાનરૂપે જ સસ્પેન્ડરની શોધ થઈ હશે ને! પછી એ ફેશનનું અંગ બની ગયું હશે.

આ બધાની વચ્ચે ફાંદને સાચવનાર નાનકડા બટનને તો કેમ ભૂલી શકાય? ક્યારેક છપ્પન ઇંચના ઘેરાવાની ઈજ્જત બચાવવા પા સેન્ટિમીટરનું બટન જ ઉપયોગી થાય છે! ક્યારેક એવું પણ થાય છે કે બિચારાં બટનો મથી મથીને કેટલું મથે! ફાંદ તોફાને ચડે તો એ બે બટન વચ્ચેના ગૅપમાંથી પણ ડોકિયું કાઢતી હોય છે. બે બટન વચ્ચેથી ત્રીજી આંખનો ભાસ આપતી ફાંદ દર્શન દે છે અને ફાંદધારકને ત્રિનેત્રધારી બનાવે છે. ફાંદનો ઉલ્લેખ થાય અને અમારા પી.ટી.ના સરને યાદ ન કરીએ તો વાત અધૂરી રહે. એમના શરીરની શોભા ફાંદે એટલી વધારી હતી કે એમના જ પગ પાસે પડેલો ગોળાફેંકનો ગોળો એમને દેખાતો નહીં. એ ગોળો શોધવાને બહાને અમે ઘણી મસ્તી કરી લેતાં. સ્કૂલના વાર્ષિકોત્સવમાં એ સર ગણપતિ બનતા ત્યારે સૌ તેમને સાક્ષાત્ ગજાનનજી સમજી એમનાં દર્શન કરતાં. ફાંદનો એ રૂઆબ તો કેમ ભૂલાય?

ક્યારેક તો એવું પણ લાગે છે કે ફાંદ વગરનાં લોકો ફાંદના માલિકોની કેટલીક બાબતોથી ઈર્ષ્યા કરતા જ હશે. મોટી અને નાની સાઈઝનાં કપડાંનો ભાવ સરખો હોય ત્યારે ફાંદના માલિકો એ ભાવ પૂરેપૂરો વસૂલ કરી શકે! ફાંદ વગર ટળવળતાં બિચારાં સૂકલકડી લોકો તો વધારાના રૂપિયા બરબાદ ગયા એમ જીવ બાળવા સિવાય બીજું શું કરી શકે? એટલે જ એવા રહી જતા હશે!

નેહા અનિષ ગાંધી

વળી, તેલ, ઘી, માખણ, ખાંડ, મેંદો – આ સઘળું અને ફાંદનો તો જન્મોજન્મનો સાથ હશે ને? આ બધાં દ્રવ્યો અને ફાંદ એકબીજાને સાથે રહેવાનો વાયદો આપતાં હશે ત્યારે કોઈ લેખિત કરાર કરતાં હશે કે પછી કોઈ વૃક્ષ કે દરગાહ પર દોરો બાંધીને બાધા-આખડી રાખતા હશે? કે પછી સૂર્ય અને પ્રકાશની જેમ એ બધાં એકબીજા સાથે સંકળાયેલાં હશે? આ બધા પદાર્થોથી ફાંદનું અસ્તિત્વ ટકે છે અને વિકસે છે તો શું આ બધા પદાર્થો ફાંદને પ્રિય કહેતા હશે? જો કે ફાંદને કોઈ પ્રિય કહે કે ના કહે, એનાથી ફાંદને કોઈ ફેર પડતો હોય એવું લાગતું નથી. નહીં તો એને પ્રિય ન કહેનારને એ છોડીને જતી ન રહે?

આટલા બધા પ્રશ્નો અને આટલું અમથું મગજ! કાશ! ભગવાને ફાંદની જેમ મગજને પણ વિસ્તરવાની તક આપી હોત!

ખેર, ભગવાનના કામમાં કોણ માથું મારે? આખરે, માણસ ફાંદને છોડવા ગમે તેટલું મથે, ફાંદ માણસને છોડવાની બાબતમાં જરાય ઉતાવળ કરતી નથી. એને પ્રિય ન કહીએ તો એ પ્રેમિકાની જેમ આપણને છોડીને જતી નથી રહેતી. એને ન ગમાડો તોય એ સતત તમારો સાથ આપે છે. આટલી વફાદારી આજના જમાનામાં બીજે ક્યાં જોવા મળે! તો ઉપડો ત્યારે, નાસ્તા-પાણી કરી ફાંદને સાચવી લ્યો!

જે ઘરમાં ભાંખોડિયાં ભરતું બાળક હોય એ ઘરના વડીલ જો ફાંદધારક હોય તો બાળકને નાનપણથી જ પર્વતારોહણની તાલીમ મળવાની શરૂ થઈ જાય છે. સૂતેલા વડીલ સાથે બાળક ફાંદના કારણે જ તો 'પર્વત-પર્વત' રમી શકે ને! એટલે તો પર્વતારોહકોની સંખ્યા હિમાલયનાં ગ્લેશિયરો પીગળે એટલી વધી ગઈ છે, છતાં છે કોઈને ફાંદની વેલ્યુ?











